**સુમેળથી રહેતાં દંપતી રૂપાં અને રણધીરના જીવનમાં વમળ સર્જાવા લાગે છે, જ્યારે રણધીરના કોટને ઈસ્ત્રી કરતાં રૂપાંને મોરપીંછ રંગનું મોટું બટન મળી આવે છે. આવાં બટનવાળો ડ્રેસ તો એક જ સ્ત્રી પહેરતી હતી. જો આ બટન એના ડ્રેસનું હોય તો... તો રણધીરના ગજવામાં કેવી રીતે આવ્યું? કયા સંબંધે?**

# ધણીને દગો દેનારીની તો આખરે આ જ દશા થાય?




## એક પછી એક-2

## રહસ્ય ચક્ર

★ યશવંત મહેતા

જીવરાજ ઠક્કરના છોકરાની વહુ સવાલો ઉપર સવાલો પૂછતી રહી અને રૂપાં માથું હલાવતી રહી. રણધીર સાથેના ગઈ રાતના ઝઘડા પછી એનું મન જ એવું સન્ન થઈ ગયું હતું કે છાપું કે ટીવી એને સાંભર્યાં જ નહોતાં, અને એને મળવા આજે કોઈ આવ્યું નહોતું.

'અલી, આખું ગામ આ વાત જાણે છે. ગઈ રાતે પેલી ગુલબાનુને કોઈએ મારી નાખી છે,' વહુએ જણાવ્યું.

'ક્યાં? કેવી રીતે?' રૂપાંએ પૂછ્યું.

'એક ખેતરની અંદરથી એની લાશ મળી આવી છે. એના જ દુપટ્ટાથી ગળું ભીંસીને કોઈએ મારી નાખી છે.'

'કોઈ? કોણ?' રૂપાંએ પૂછ્યું.

'હશે એનો એકાદ યાર! મૂઈ પચીસ જેટલા માટીડાઓને પાછળ ફેરવતી હતી. એમાંથી કોઈએ પતાવી દીધી હશે એને.'

'એ તો એવી જ લાગની હતી,' જીવરાજનાં પત્નીએ ઉમેર્યું. 'ધણીને દગો દેનારીની તો આખરે આવી જ દશા થાય ને! મૂઈ મોરપીંછ રંગનાં લૂગડાં પહેરીને ગામ આખામાં નાચતી ફરતી હતી.'

'એટલે જ તને એકલી જોઈને નવાઈ લાગે છે,'

**એ બંને અલગ-અલગ દોડતાં દોડતાં જીવરાજ ઠક્કરની દુકાને પહોંચ્યાં એમને જોતાં જ ત્યાં સૌ સમજી ગયાં કે રણધીર રૂપાંની તપાસ કરવા આવ્યો છે, સૌનાં હૈયે ધ્રાસકો પડ્યો ચોક્કસ રૂપાંને કંઈક થઈ ગયું છે**

છોકરાની વહુ બોલી. 'પણ તને ખબર નથી એટલે શું થાય? હવે એકલી પાછી ન જતી. મારા વર કે દિયર આવે પછી એ તને તારે ઘેર મૂકી જશે.'

રૂપાંએ કહ્યું, 'તમારી સાથે બેસીને વાતો કરવાની મજા આવત, પણ મારે ઘેર ખૂબ જ કામ પડ્યું છે. અને એકલી જવામાં મને કશો વાંધો નથી. લાલુ મારી સાથે છે ને!'

એણે લાલુને પોતાની પાસે બોલાવ્યો. વળી પાછી સાંકળની કડી એના ગળાના પટ્ટામાં ભરાવી. એ કડી જરાક વાંકી વળી ગઈ હતી. પટ્ટામાં ભરાવતાં ઘણી મુશ્કેલી પડતી, પણ રૂપાં હવે ટેવાઈ ગઈ હતી.

એ ઘેર આવવા નીકળી. આખે રસ્તે એને ગુલબાનુ, એનાં મોરપીંછ રંગનાં કપડાં, પેલું બટન અને એવી બધી વાતો જ યાદ આવતી રહી.

ઘેર પહોંચીને કામ કરતાં પણ એ એ જ વાતો વિચારતી રહી. રણધીર ઘેર આવ્યા પછી એને પણ એણે ગુલબાનુ વિશે પૂછ્યું.

રણધીર બોલ્યો, 'કોઈ પ્રેમીએ મારી નાખી હશે.'

'અને આ બટન?' રૂપાંએ ગજવામાંથી બટન કાઢીને પૂછ્યું.

રણધીર ચોંકી ગયો. પણ તરત જ સ્વસ્થ થઈ જઈને એ બોલ્યો, 'રસ્તામાંથી એ મને જડ્યું હતું. ટૉર્ચના અજવાળામાં એ દેખાતાં જ મેં ઉપાડીને બેધ્યાનપણે ગજવામાં મૂકી દીધેલું. પણ પાછી શંકા પડતાં મેં આસપાસ તપાસ કરવા માંડી તો ગુલબાનુની લાશ પણ દેખાઈ. હું ગભરાઈને ઘેર ભાગી આવ્યો. એટલે જ તારી સાથે ઝઘડો થઈ ગયેલો.'

'તને લાશ દેખાઈ હતી, તો પછી પોલીસને તેં કેમ જાણ ન કરી?'

'હું ગભરાઈ ગયો હતો.'

'મને લાગે છે,' રૂપાંએ સૂચવ્યું, 'આ બટન પણ આપણે પોલીસને સોંપી દેવું જોઈએ. કદાચ એના પરથી પોલીસ કંઈક શોધી શકશે.'

રણધીર ઘણી વાર સુધી આ વાત વાગોળતો રહ્યો. પછી બોલ્યો, 'જમાદાર નટવર મને આજે બપોરે મળ્યો હતો. મેં એને બટન વિશે કંઈ કહ્યું નથી. જો હવે આ બટન લઈને જાઉં તો એ લોકો મારા પર જ શંકા લાવે ને! અને પેલો ઈન્સ્પેક્ટર દિનકર દેસાઈ જોયો છે? એ તો સીધું ગળું જ પકડે એવો છે. આપણું ઉદ્યોગનગર એની હદમાં આવે છે.'

'પણ તું નિર્દોષ છે, પછી શો વાંધો? આ બટન છુપાવીને તો તું કાયદાનો એક પુરાવો છુપાવી રહ્યો છે... કે પછી... એ તારા જ ગુનાનો પુરાવો છે?'

'હેં?' રણધીર ચોંક્યો. 'રૂપાં! આ તું શું બકે છે?'

'જીવરાજ ઠક્કરના છોકરાની વહુ માને છે કે ગુલબાનુને એના કોઈ યારે જ મારી નાખી છે, અને હું જાણું છું કે તું પણ...'

'રૂપાં!' રણધીરે બરાડો પાડ્યો.

'મને ગભરાવવાની કોશિશ ન કરીશ, રણધીર! ગઈ કાલે તું આ જ કારણે ગુસ્સાના તોરમાં હતો.'

'એ વાત ખોટી છે, રૂપાં. જો તને એમ જ લાગતું હોય તો ચાલ, અત્યારે જ આપણે ઈન્સ્પેક્ટર દિનકર પાસે જઈને આ બટન સોંપી દઈએ.'

'હા, હા, ચાલ,' કહેતાં રૂપાં પણ ઊભી થઈ ગઈ. એ પણ હવે ગુસ્સે થઈ ગઈ હતી.

બંનેએ બહાર નજર કરી. વરસાદ તો નહોતો, પણ હવા ખૂબ શીતળ હતી. રૂપાંએ ગરમ કોટ પહેરી લીધો અને ગળે મફલર પણ વીંટી લીધો. એમને ઊભાં થયેલાં જોઈને લાલુ કૂદકા મારવા લાગ્યો. પણ એને ઘરની અંદર જ પૂરીને પતિ-પત્ની બહાર નીકળ્યાં.

આકાશમાં વાદળાં છવાયેલાં હતાં. ઘનઘોર અંધારું હતું. રસ્તા સૂમસામ હતા. ટૉર્ચના પ્રકાશને આધારે બંને આગળ વધી રહ્યાં હતાં. રસ્તામાં રણધીર અહીં-તહીં અટકતો હતો અને રૂપાંને ગઈ રાતની વાત કહેતો હતો. પોતાને બટન ક્યાંથી મળ્યું, ક્યાં ગુલબાનુની લાશ દેખાઈ વગેરે વર્ણન કરતો હતો.

એકાએક જ એક જગ્યાએ ઊભો રહી જઈને એ બોલ્યો, 'જો, રૂપાં! આ ઝાળાં નીચે કોઈ વસ્તુ ચમકે છે.'

કુતૂહલવશ રૂપાં ઝાળાં પાસે નીચી નમી અને... અને ત્યારે જ પાછળથી એના મફલરના બેઉ છેડા પકડીને રણધીરે આમળવા માંડ્યાં. રૂપાંની રહીસહી શંકા પણ અલોપ થઈ ગઈ. હવે તો એને ખાતરી થઈ ગઈ કે ગુલબાનુનો હત્યારો કોઈ પાગલ સ્ત્રી-હત્યારો કે એનો કોઈ અન્ય યાર નહીં, પણ રણધીર પોતે જ હતો!

પણ હવે રૂપાંની કોઈ જાણકારી, કોઈ જ્ઞાન, કશું કામ લાગી શકે એમ નહોતું. થોડીક વાર એનાં નાજુક અંગ તરફડતાં રહ્યાં અને પછી શ્વાસ પૂરેપૂરો રૂંધાઈ ગયો.

રણધીર ગાંડાની માફક અટ્ટહાસ્ય કરી રહ્યો હતો. હવે એના પર શંકા કરે એવું કોઈ નહોતું. ગુલબાનુનું ખૂન કોઈ ગાંડિયા સ્ત્રીદ્વેષીએ કર્યું હશે એમ સૌ માનતાં હતાં. રૂપાંને પણ એ જ પાગલે મારી હશે એમ સૌ માની લેશે. એ પછી તો મારી સામે શંકાની આંગળી ચીંધનાર કોઈ નહીં હોય, એની રણધીરને ખાતરી હતી.

દૂધવાળાને ઘેરથી પાછાં ફરતાં જ રૂપાંને હત્યારો ભેટ્યો હશે એવો દેખાવ કરવાને ખાતર રણધીરે ઘેર પાછો જઈને દૂધનું વાસણ લાવીને રૂપાંના મૃતદેહ પાસે ઊંધું પાડી દીધું.

અને પછી એક અકળ ગુનો પતાવ્યાનો સંતોષ લઈને એ પાછો ઘેર જતો રહ્યો. થોડા વખત પછી રૂપાંની 'તલાશ'માં નીકળવાનું એણે નક્કી કર્યું. એ આનંદમાં હતો.

કલાક વીતી ગયો. રણધીરે પહેલાં જ દૂધવાળાને ઘેર જઈને પૂછપરછ કરવાનો નિશ્ચય કર્યો. ઘરમાં ઢોળાયેલું દૂધ અને દૂધના વાસણની ગેરહાજરી પરથી સ્વાભાવિક જ સમજી શકાય તેમ હતું કે રૂપાં દૂધ લેવા ગઈ હશે અને... અને એ ઘેર પાછી ફરી નથી.

લાલુ ક્યારનો અકળાઈ રહ્યો હતો. થોડી વાર અગાઉ માલુકણ એને સાથે ન લઈ ગઈ, એટલું જ નહીં, પાછી પણ ન આવી, તેથી એ ખૂબ મૂંઝાઈ રહ્યો હતો. એટલે જેવું રણધીરે બહાર નીકળવા બારણું ખોલ્યું કે તરત જ એ છલાંગ મારીને બહાર નીકળી ગયો.

રણધીરે એને બોલાવીને સિસોટી મારી પોતાની પાસે બોલાવવાનો પ્રયત્ન કર્યો. લાલુ આ તબક્કે રૂપાંને શોધીને કોઈનું ધ્યાન આકર્ષે એવું રણધીર નહોતો ઈચ્છતો. એટલે ટેબલ પર પડેલી સાંકળ ઉઠાવીને એ લાલુની પાછળ દોડ્યો. પરંતુ લાલુ એના હાથમાં ન આવ્યો.

એ બંને અલગ-અલગ દોડતાં દોડતાં જીવરાજ ઠક્કરની દુકાને પહોંચ્યાં. એમને જોતાં જ ત્યાં સૌ સમજી ગયાં કે રણધીર રૂપાંની તપાસ કરવા આવ્યો છે, સૌનાં હૈયે ધ્રાસકો પડ્યો ચોક્કસ રૂપાંને કંઈક થઈ ગયું છે.

અને સાચે જ રણધીરે પૂછ્યું, 'રૂપાં અહીં આવી છે?'

જીવરાજનાં પત્નીએ રૂપાંની બપોરની મુલાકાતની વાત કરી અને જણાવ્યું, 'એને રોકાઈ જવા અમે સમજાવી હતી, પણ એ તો જીદ કરીને ગઈ જ! શું એ ઘેર નથી પહોંચી?'

'ના!' રણધીરે ગભરાટનો અભિનય કરતાં કહ્યું. 'એને શું થઈ ગયું હશે?'

એ સવાલનો જવાબ કોઈ આપે તે પહેલાં જ પોલીસ વાન ધમધમાટ કરતી આવીને દુકાન સામે ઊભી રહી. અંદરથી ઈન્સ્પેક્ટર દિનકર, જમાદાર નટવર અને પ્રાઈવેટ ડિટેક્ટિવ અજય વર્મા ઉતર્યા. મોતનો મામલો હોય ત્યાં પોલીસની મદદમાં અજય હોય જ.

'અરે, રણધીર! તું અહીં છે?' નટવર બોલ્યો. 'અમે તો તારે ઘેર જઈ આવ્યા.'

'કેમ? હું તો અહીં મારી વાઈફની તપાસ કરવા આવ્યો છું. શું તમને કશા સમાચાર મળ્યા છે એનાં?'

'હા, સમાચાર દિલગીરીભર્યા છે,' નટવરે કહ્યું. 'તારા ઘર પાસેના રસ્તેથી પસાર થતા એક ડૉક્ટર સાહેબની મોટરની હેડલાઈટમાં થોડાં શિયાળવાં ભેગાં થયેલાં દેખાયાં. એમણે મોટર થોભાવીને તપાસ કરી તો રૂપાંની લાશ મળી. અત્યારે અમે એ લાશને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મૂકી આવ્યા છીએ. તારે ઘેર તપાસ કરી, પણ તું નહોતો... અરે ભાઈ! આ કૂતરાને જરા છેટો રાખો! કોનો કૂતરો છે આ?'

જીવરાજનાં પત્નીએ જવાબ આપ્યો, 'આ રણધીર અને રૂપાંનો જ કૂતરો છે. બપોરે રૂપાં દૂધ લેવા આવી ત્યારે આ કૂતરાને સાંકળે બાંધીને લાવેલી. અમે એને ગુલબાનુના ખૂનની વાત કરી અને કહ્યું કે અહીં રહી જા સાંજ સુધી; પણ એ કહેતી હતી, "આ કૂતરો મારા ભાઈ જેવો છે. એનો સહારો હોય પછી મને ડર શાનો!" તમે એની માલુકણ પાસેથી આવ્યા છો અને એની વાસ તમારાં કપડાંમાંથી આવે છે, એટલે એ તમારી આસપાસ નાચે છે. ચિંતા ન કરશો.'

'હં... હડે...' નટવરે કૂતરા સામે હાથ ઉગામ્યો અને રણધીરને પ્રશ્ન કર્યો, 'તેં રૂપાંને છેલ્લે ક્યારે જોયેલી?'

'સવારે સાત વાગે હું નોકરી માટે ગયો ત્યારે એને ઊંઘતી મૂકીને જ ગયો હતો.'

'પછી આખો દિવસ તું કારખાનામાં હતો, ખરું ને?... અરે, આ તે કૂતરો છે કે ગુંદર! મારો હાથ જ ફાડી ખાવા માગતો લાગે છે. રણધીર, તારા આ ડાઘિયાને આઘો રાખ જરા...'

રણધીરે લાલુને પોતાની પાસે બોલાવ્યો. પંપાળ્યો. પોતાના ગજવામાંથી લાલુની સાંકળ કાઢીને એની વાંકી કડી એના ગળાના પટ્ટામાં ભરાવવા માંડી. ત્યાં જ એક સત્તાવાહી અવાજ સંભળાયો– 'દિનકર! રણધીરને પકડી લો! એણે એક પછી એક, એમ બે ખૂન કર્યાં છે.' અવાજ પ્રાઈવેટ ડિટેક્ટિવ અજય વર્માનો હતો.

સૌ ડઘાઈને એને તાકી રહ્યાં.

**(વાચકમિત્રો! સામાજિક રહસ્યકથાના નમૂનારૂપ આ કથા છે. તમે જ વિચારો કે અજયે કયા આધારે રણધીરને પકડી લેવા કહ્યું છે?)**